પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૮૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૯-૧૧-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસની સરકારમાં ગુજરાત અસુરક્ષિત હતું. પહેલાં ગુજરાતમાં આંતરે દિવસે બોમ્બધડાકા થતા : વડાપ્રધાન



ભાવનગર,

રાજયમાં વિધાનસભાની ચૂંટણીની હવે ઘડીઓ ગણાઈ રહી છે. પહેલી નવેમ્બરે પહેલા તબક્કાનું અને પાંચમી નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન છે. ત્યારે ગુજરાતમાં પોતાની સરકાર બનાવવા તમામ રાજકીય પાર્ટીઓ ગામડે ગામડે સભાઓ ગજવી રહી છે. ત્યારે વડાપ્રધાન ગઈકાલથી ફરી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. ગઈકાલે તેમણે નેત્રંગ, ખેડા અને સુરતમાં જનમેદનીને સંબોધન કર્યું હતું. જયારે વડાપ્રધાને આજે પાલીતાણા અંજારમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. પાલિતાણામાં વડાપ્રધાનની સભા પહેલાં કીર્તિદાન ગઢવીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા.

પાલીતાણામાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે પાલિતાણાએ રંગ રાખ્યો લાગે છે. આજે હું સુરતથી આવી રહ્યો છું, ગઈકાલે સાંજે સુરતમાં મારી સભા હતી, નક્કી થયા પ્રમાણે એરપોર્ટથી મારે સભામાં જવાનું હતું. જેથી આખું સુરત રોડ પર ઊતરી આવ્યું હતું, નક્કી કર્યા વગર રોડ શો કર્યો. આપણું ગુજરાત વિકસિત બને, નવી ઊંચાઈઓને પાર કરે એની ચૂંટણી છે. હું જ્યા જાઉં ત્યાં એક જ અવાજ, એક જ મંત્ર ફીર એકબાર... લોકોના મનમાં વારંવાર ભાજપ સરકાર લાવવાનું મન એટલે થાય છે કે વડીલોને ખબર છે પહેલાં દેશને કેવી રીતે વેરવિખેર કરી દીધો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એક કરવાનું બીડું ઉઠાવ્યું, રાજા-મહારાજાઓએ સ્પોર્ટ કર્યો. સૌથી પહેલાં ભાવનગરના મહારાજાએ દેશનો વિચાર કર્યો અને દેશની એકતા માટે રાજપાટ સમર્પિત કરી દીધું. રાષ્ટ્ર માટે આવડા મોટા ત્યાગની ભાવનગરે શરૂઆત કરી, આ ગોહિલવાડની ધરતીને સલામ કરૂ છું. આપણે સરદાર પટેલનું સ્ટેચ્યૂ બનાવ્યું, જેમ દેશની એકતામાં સરદાર પટેલનું યોગદાન હતું, તેમ રાજવી પરિવારોનું પણ યોગદાન હતું, જેથી જ્યાં સરદાર પટેલનું સ્ટેચ્યૂ છે ત્યાં જ રાજવી પરિવારનું મ્યુઝિયમ બનાવવાનું નક્કી કર્યું છે.

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, કોંગ્રેસની સરકારમાં ગુજરાત અસુરક્ષિત હતું. પહેલાં ગુજરાતમાં આંતરે દિવસે બોમ્બધડાકા થતા, છેલ્લાં ૨૦ વર્ષથી આ દુકાનો બંધ થઈ ગઈ. ભાજપની સરકારમાં ગુજરાત સુરક્ષિત થયું, વિકાસ થયો અને વેપાર વધ્યો. ગુજરાતમાં ગામડા અને શહેરમાં એકતાનું વાતાવરણ ભાજપની સરકારમાં થયું છે. આ કારણે જ કોંગ્રેસની વિદાય ગુજરાતમાંથી થઈ ગઈ છે. જોં કોગ્રેસને ગુજરાતનો હિસ્સો બનવું હશે તો જાતિવાદ છોડવો પડશે, રંગ બદલવાનું છોડવું પડશે. એકતાનું પરિણામ સારું હોય, ખાલી તમે નર્મદાનું પાણી, સૌની યોજના જેવી તમામ યોજના લઈ લો, આ આપણી એકતાથી થયું છે. જેણે ૪૦-૪૦ વર્ષ સુધી ગુજરાતને તરસ્યું રાખ્યું તેના ખભે હાથ મૂકીને એક ભાઈ પદ માટે પદયાત્રા કરે છે, પરંતુ તેમને ક્યાં ખબર છે કે, ગુજરાતમાં તો એક લાખ વણઝારો વાવ ખોદે તોપણ તરસ છીપી જાય. જેની જોડે ફોટો પણ ન પડાવાય તેના જોડે યાત્રા કરવી એને ગુજરાત ક્યારેય નહીં સ્વીકારે.

પી.એમ મોદીએ કહ્યું કે, ગુજરાતમાં ૧૩ લાખથી વધુ ખેડૂતો ટપક સિંચાઈથી ખેતી કરીને પાણી બચાવે છે .ખેડૂતોને વીજળી જોઈએ પણ બિલ મોંઘું પડે છે. જેથી હવે આપણે ખેતરે ખેતરે સોલર પ્લાન્ટનું આયોજન કરી રહ્યા છીએ. દેશમાં ૮૫ ટકા ખેડૂતો નાના છે, પણ તોય તેમને અનેક યોજનાનો લાભ મળે છે. મોદી તમારા વચ્ચે મોટો થયો એને નાના ખેડૂતની ચિંતા થઈ તો પીએમ કિશાન યોજના લઈ આવ્યો. ભાવનગરમાં અઢી લાખ ખેડૂતોનાં ખિસ્સાંમાં ૫૧૦ કરોડ રૂપિયા પીએમ કિશાન યોજનાથી મળ્યા છે. ખેડૂતોને ઓછો બોજ આવે એ માટે અમે કામ કર્યું. આપણા દેશને ખાતરની અછત છે, બહારથી લાવવું પડે છે, દુનિયાભરમાં ખાતર મોંઘું થયું છે, પણ અમે સસ્તું આપીએ છીએ. સરકારને ખાતરની થેલી ૨૦૦૦માં પડે છે, અમે ખેડૂતને ૨૭૦ રૂપિયામાં આપીએ છીએ, યુરિયાની એક થેલીમાં ૧૬૦૦-૧૭૦૦ સરકાર ભરે છે, તમને ૨૦૦-૩૦૦માં મળે છે. હવે નેનો યુરિયા લાવ્યા છીએ, યુરિયાની એક થેલી બરાબર નેનો યુરિયાની એક બોટલ કામ કરે છે. અમે ખેડૂતનો ખર્ચો કંઈ રીતે ઘટે એ અંગે સતત વિચારતા હોઈએ છીએ.

હું મુખ્યમંત્રી બન્યો ત્યારે લોકો મને કહેતા કે નરેન્દ્રભાઇ સાંજે વાળુ કરતી વેળાએ વીજળી મળે એવું કરો. મેં કહ્યું, હું ૨૪ કલાક આપીશ, તો કોંગ્રેસિયા મારી મજાક ઉડાવતા હતા કે આ કોઈ દિવસ સરપંચ પણ નથી થયો અને સીએમ થઈ ગયો છે તો કેવા વાયદા આપે છે. આ વાયદાને મે પુરા કર્યા. આપણે જ્યોતિગ્રામ યોજના લાવ્યા અને ગુજરાતને અંધકારમાંથી બહાર લાવ્યા, આ ભાજપથી જ થાય, કોંગ્રેસથી નહીં. રોરો-ફેરીથી ટૂરિઝમને ફાયદો થયો, દેશનો કોઈ જૈન પરિવાર ન હોય, જે પાલિતાણા ન આવ્યો હોય. ૨૦૧૪ પહેલા કોંગ્રેસની સરકાર દિલ્હીમાં હતી ત્યારે ૬૦ ગ્રામપંચાયતમાં ઓપ્ટિકલ ફાઈબર નાખ્યું હતું, અમારી સરકારે ૮ વર્ષમાં ૩ લાખ ગ્રામપંચાયતમાં ઓપ્ટિકલ ફાઈબર નાખ્યું, ગામડે ગામડે વિકાસ થયો. ગુજરાતના હજારો યુવાનોને રોજગાર મળે છે, સૌરાષ્ટ્ર ઉદ્યોગોથી ધમધમી રહ્યું છે. ગુજરાતના લોકોને હિજરત કરીને બહાર જવું પડતું હતું, આજે આખો દેશ અહીં કમાવવા આવે છે. દુનિયાનું પહેલું સીએનજી ટર્મિનલ ભાવનગરમાં બનવા જઈ રહ્યું છે, જેથી હજારો યુવાનોને રોજગારી મળશે. આવતાં ૨૫ વર્ષમાં ગુજરાતને દુનિયાનું સૌથી શ્રેષ્ઠ રાજ્ય બનાવવું છે, તમારે સાથ આપવાનો છે, તમારે અહીં કમળ ખીલતું રાખવાનું છે, તમારે તમામ બેઠકમાં ધ્યાન આપવું પડશે. તમારે દરેક પોલિંગ બૂથ પર વધુમાં વધુ મતદાન કરાવવાનું છે. તમારે મારું અંગત કામ કરવાનું છે, ઘરે ઘરે જઈને વડીલોને પ્રણામ કરીને કહેવાનું છે કે આપણા નરેન્દ્રભાઈ આવ્યા હતા અને તમને નમસ્કાર કર્યા છે.

## કોંગ્રેસના બે ઉમેદવારો સામે આચારસંહિતાના ભંગની ફરિયાદ



અમદાવાદ,

કોંગ્રેસ બે દિગ્ગજ નેતા અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમા ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખ અને ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. ભાજપ દ્વારા ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરાઈ હતી. તો દરિયાપુરના કોંગ્રેસના ઉમેદવારે પત્રિકામાં ચૂંટણીનો સમય ખોટો દર્શાવ્યો હોવાથી તેમની સામે ફરિયાદ થઈ છે.

અમદાવાદમાં દરિયાપુર કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાઈ છે. મદદનીશ ચૂંટણી અધિકારીએ તેમની સાથે ફરિયાદ નોંધાવી છે. ગ્યાસુદ્દીને ચૂંટણી પ્રચાર માટે છપાયેલી પત્રિકામાં મુદ્રકનું નામ, સરનામું અને સંખ્યા નિયમ મુજબ ન દર્શાવ્યુ હોવાનું ફરિયાદમા જણાવાયું છે. મતદાન ઓછું થાય તે ઈરાદા સાથે સમય ૮થી ૯ નો દર્શાવ્યો હોવાનું કારણ અપાયું છે. ત્યારે આ મામલે માધવપુરા પોલીસે ગ્યાસુદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાવી છે. સાથે જ ચિરાગ પ્રિન્ટર્સના મુદ્રક-પ્રકાશક સામે પોલીસે તપાસ શરૂ કરી છે. મહત્વનું છે કે કાર્યકરો દ્વારા નિયમની જાણકારી વિના શરત ચૂકથી પત્રિકા છપાવી હોવાનો ગ્યાસુદ્દીન શેખે હકીકતલક્ષી જવાબ રજૂ કર્યો હતો.

જાહેર ચૂંટણી સભામાં વિવાદિત નિવેદન આપતા ભાજપે ચૂંટણીપંચમાં રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે ફરિયાદ કરી છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ છે. કોંગ્રેસના રાજકોટ ૬૮ બેઠકના વિધાનસભા ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ભાજપે કહ્યું કે, ઈન્દ્રનીલ રાજગુરુએ આદર્શ આચારસંહિતાનો ભંગ કર્યો છે. પોતાની જાહેર સભા દરમિયાન 'જય જય કાર કરું છું હું મહાદેવનો જય જય કાર કરું છું' જેવા શબ્દો ઉચ્ચારવા બદલ આ ફરિયાદ કરાઈ હતી.

રાજકોટ પૂર્વ બેઠકના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજયગુરુએ દેવપરા(જંગલેશ્વર) વિસ્તારની જાહેરસભામાં કહ્યુ હતું કે, અજમેરમાં પણ મહાદેવ બેઠા છે અને સોમનાથમાં પણ અલ્લાહ બેઠા છે. મારી દ્રષ્ટિએ મહાદેવ અને અલ્લાહ એક જ છે. આ સાથે જ સભામાં અલ્લાહ-ઉ-અકબરનો ઈન્દ્રનીલ રાજગુરૂએ નારો લગાવ્યો હતો. ત્યારે આ નિવેદનનો વીડિયો વાયરલ થયો હતો. આ વિશે ઈન્દ્રનીલ રાજ્યગુરુએ કહ્યુ હતું કે, હું હિન્દૂ-મુસ્લિમ એકતા ઈચ્છુ છું. ભાજપ દ્વારા આ કલીપ વાયરલ કરવામાં આવી રહી છે. આખી સ્પીચ સાંભળજો મારો કહેવાનો અર્થ શું છે.

## સંસદના શિયાળુ સત્રમાં હંગામો થવાની શક્યતા, મોંઘવારી અને બેરોજગારી પર વિપક્ષ સરકારને ઘેરશે



નવીદિલ્હી,

સંસદના શિયાળુ સત્રમાં હંગામો થવાની શક્યતાઓ છે. રાજ્યપાલની ભૂમિકા, મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે વિપક્ષે સરકારને ઘેરવાની તૈયારી કરી લીધી છે. સરકાર ડેટા પ્રોટેક્શન બિલ સહિત લગભગ એક ડઝન બિલ પસાર કરવા પર નજર રાખી રહી છે, પરંતુ વિપક્ષનું વલણ જોતા એવું લાગતું નથી કે ગૃહમાં તેનો રસ્તો સરળ રહેશે. વિપક્ષ શાસિત રાજ્યોમાં રાજ્યપાલની કથિત દખલગીરી, તપાસ એજન્સીઓનો દુરુપયોગ, બેરોજગારી, ખેડૂતોની સમસ્યાઓ, મોંઘવારી, જૂની પેન્શન યોજનાને પુનઃસ્થાપિત કરવાની માગ જેવા મુદ્દાઓ પર વિપક્ષ સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યું છે. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે, અમે સત્રમાં સુચારૂ કામગીરી સુનિશ્ચિત કરવા માંગીએ છીએ. ૬ ડિસેમ્બરે સર્વપક્ષીય બેઠકમાં વિવિધ પક્ષો સાથે આ અંગે ચર્ચા કરવામાં આવશે અને વિષયો નક્કી કરવામાં આવશે.

સત્ર દરમિયાન કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, આરએસપી સહિત અનેક વિપક્ષી દળો મોંઘવારી, બેરોજગારી ઉપરાંત વિપક્ષી દળોનું શાસન ધરાવતા તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, કેરળ જેવા રાજ્યોમાં તેઓ શિયાળુ સત્રમાં રાજ્યપાલ દ્વારા કામમાં દખલગીરીનો મુદ્દો ઉઠાવશે. લોકસભામાં કોંગ્રેસના મુખ્ય દંડક કે. સુરેશે જણાવ્યું કે સત્રમાં ઉઠાવવામાં આવનાર મુદ્દાઓને લઈને આગામી એક-બે દિવસમાં પાર્ટીની રણનીતિની બેઠક થશે, જેમાં વિષયોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, કેરળ, ઝારખંડ જેવા વિપક્ષી દળો દ્વારા શાસિત રાજ્યોમાં રાજ્યપાલની કામગીરીમાં કથિત રીતે દખલ કરવાનો મુદ્દો મુખ્ય મુદ્દો છે. થોડા સમય પહેલા મહારાષ્ટ્રમાં પણ આપણે જોયું કે શું થયું. તેમણે કહ્યું કે રાજ્યપાલ દ્વારા રાજ્ય સરકારના કામકાજમાં હસ્તક્ષેપ એ બંધારણની ભાવના અને સંઘીય માળખાની વિરુદ્ધ છે અને આ મુદ્દો સત્ર દરમિયાન ઉઠાવવામાં આવી શકે છે.

કે. સુરેશે કહ્યું કે સત્ર દરમિયાન મોંઘવારી, બેરોજગારીનો મુદ્દો મહત્વનો રહેશે, સાથે જ ખેડૂતોના મુદ્દાઓ પણ મુખ્ય રહેશે કારણ કે સરકારે તેમને આપેલા વચનને પૂર્ણ કર્યું નથી. બીજી તરફ મેઘવાલે કહ્યું કે, અમે ઓછામાં ઓછા ૧૦ બિલ પાસ કરવા માંગીએ છીએ. આ અંગે ચર્ચા થશે અને તે બધા સંજોગો કેવા છે તેના પર નિર્ભર રહેશે.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું વિપક્ષ મોંઘવારી, બેરોજગારી, ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારાઓને મુક્ત કરવાના કોર્ટના આદેશને લગતા મુદ્દાઓ ઉઠાવવા માંગે છે, મેઘવાલે કહ્યું કે સર્વપક્ષીય બેઠકમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર વિચારણા કર્યા પછી, તેઓ ચર્ચા કરશે. મુદ્દાઓનું નિરાકરણ કરવામાં આવશે અને તેને પ્રાથમિકતાના ધોરણે લેવામાં આવશે.

## કેરળમાં પોલીસ સ્ટેશન પર હુમલો, ૩૬ ઘાયલ : ૫ લોકોની ધરપકડ પછી પ્રદર્શનકારીઓએ એટેક કર્યો

કોચ્ચી,

કેરળમાં અદાણી પોર્ટની વિરુદ્ધમાં થઈ રહેલાં પ્રદર્શને હિંસક રૂપ ધારણ કર્યું છે. પ્રદર્શનકારીઓએ વિઝિંજમ પોલીસ સ્ટેશન પર રવિવાર રાતે હુમલો કરી દીધો. તેમાં ૩૬ પોલીસવાળા ગંભીર રૂપે ઘાયલ થયા છે. બધાની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હકીકતમાં, વિઝિંજમમાં લોકો અદાણી પોર્ટ ન બનવા દેવા ઈચ્છતા હતા. તેના વિરોધમાં ૧૨૦ દિવસોથી પ્રોટેસ્ટ કરી રહ્યા છે. રવિવારે પોલીસે ૫ લોકોને એરેસ્ટ કર્યા. ત્યાર બાદ લોકોએ ગુસ્સામાં આવીને પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો.

રિપોર્ટ્સ અનુસાર ભીડ એટલી ગુસ્સામાં હતી કે લાકડીઓ અને પથ્થરોથી પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો. પોલીસની ગાડીઓમાં આગ લગાવી દીધી. તેનાથી પોલીસની ચાર જીપ, બે વાન અને ૨૦ મોટરસાઈકલને નુકસાન થયું હતું. પોલીસ સ્ટેશનમાં ફર્નિચર અને જરૂરી દસ્તાવેજોનો નાશ કરી દીધો છે. પોલીસ સ્ટેશન પર હુમલા બાદ એરિયામાં તણાવપૂર્ણ સ્થિતિ છે. ત્યાં ૨૦૦ વધારે પોલીસ કર્મચારીને મૂકી દેવામાં આવ્યા છે.

વિઝિંજમમાં લોકો અદાણી પોર્ટના નિર્માણને રોકવા અને તટની કપાતના અધ્યયનની માંગણી કરી રહ્યા હતા. તેમાં સ્થાનિક લોકો, માછીમારો અને લેટિન વિઝિંજમ પોલીસે રવિવારે લેટિન આર્ક બિશપ થોમસ જે નેટ્ટો અને અન્ય પાદરીઓ સહિત ૫૦ પ્રદર્શન કરનાર વિરુદ્ધ મામલો દાખલ કર્યો. એફઆઈઆરમાં ષડ્યંત્ર રચવા અને હિંસામાં સામેલ હોવાની વાત કહી ગઈ છે. ત્યાર બાદ પોલીસે પાંચ લોકોને કસ્ટડીમાં લીધા અને હિંસા ભડકી ઊઠી.

## કોંગ્રેસ માટે ખોટો પ્રચાર અહી કરવામાં આવે છે : કોગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે

અમદાવાદ,

મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર વાર કરતા જણાવ્યુ હતું કે, કોંગ્રેસ માટે ખોટો પ્રચાર અહી કરવામાં આવે છે. અમારા નેતાઓ માટે ખોટો પ્રચાર કરાય છે. આ ચુંટણી ગુજરાતની જનતાની છે અને ગુજરાતની જનતા હોશિયાર છે. માટે જ દેશના દરેક ખૂણામાં ગુજરાતી ફેલાયેલા છે. કાશ્મીરથી કન્યા કુમારી સુધી ગુજરાતી વસેલા છે. ગુજરાતની જનતા કોંગ્રેસની ફેવરમાં નિર્ણય લઈ રહી છે, માટે ભાજપના રાષ્ટ્રીય નેતા વોર્ડ વોર્ડ ફરી રહ્યા છે. કેટલાક લોકો વારંવાર મહાત્મા ગાંધીનું નામ લઈને કોંગ્રેસને બદનામ કરવાનું કામ કરે છે, ગુજરાતની જનતા કોંગ્રેસ તરફી છે એવું ભાજપના ધ્યાને આવ્યું છે. એટલે જ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ અહીંયા આવી રહ્યા છે. ભાજપના નેતા વોટ માંગતા સમયે પણ પોતાના નામે વોટ માંગે છે, પાર્ટીના નામે નહિ.

તેમણે કહ્યું કે મોદી કહે છે આ ગુજરાત મેં બનાવ્યુ છે, પણ ગુજરાતના અન્ય લોકોનો પણ ફાળો છે. ગુજરાતને બનાવવમાં કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રીઓ અને મોરારજી દેસાઈની પણ ભૂમિકા છે. કોંગ્રેસે ૭૦ વર્ષમાં કશું નથી કર્યુ એ ભાજપનો કોમન ડાયલોગ છે, ૭૦ વર્ષમાં કોંગ્રેસે ભારત દેશ બનાવ્યો છે, એનું ફળ તમે ભોગવી રહ્યા છો. અમારા નેતાઓ ફાંસીએ ચડ્યા, બલિદાન આપ્યાં ત્યારે દેશ આઝાદ થયો છે, આ બધી વાતોનો અમે વારંવાર ઉલ્લેખ નથી કરતા. મોદી-શાહથી સૌ કોઈ પરેશાન છે, અમારા લોકો ગામડે ગામડે, બુથ બુથ લડી રહ્યા છે. હું જ્યારે રેલવે મીનીસ્ટર હતો ત્યારે ગુજરાતને ઘણું આપ્યું પણ ક્યારે ઢોલ નથી પીટ્યા. એવુ નથી કહ્યું કે, મેં કર્યુ છે.

## આમ આદમી પાર્ટીએ હરિયાણામાં જિલ્લા પરિષદની ૧૫ બેઠકો પર કબજો કર્યો

ચંડીગઢ,

હરિયાણામાં પંચાયત ચૂંટણીના પરિણામ બહાર પાડી દેવાયા છે જેમાં ભાજપ, આમ આદમી પાર્ટી અને આઈએનએલડીના ઉમેદવારોએ રાજ્યમાં જિલ્લા પરિષદની અનેક બેઠકો પર કબજો જમાવ્યો. સુત્રોના જણાવ્યાં મુજબ એક વરિષ્ઠ ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે જીતેલા તમામ ઉમેદવારોના નામનું નોટિફિકેશન ૩૦ નવેમ્બર પહેલા હરિયાણા સરકારના ગેઝેટમાં બહાર પાડવામાં આવશે.

સત્તાધારી ભાજપે સાત જિલ્લા પરિષદની ૧૦૨ બેઠકમાંથી ૨૨ પર જીત મેળવી. પાર્ટી નેતાના જણાવ્યાં મુજબ આ જિલ્લાઓમાં યમુનાનગર, અંબાલા, ગુરુગ્રામ પણ સામેલ છે. પરંતુ પાર્ટીને પંચકૂલામાં જબરદસ્ત મોટો ઝટકો લાગ્યો. અહીં જિલ્લા પરિષદની ૧૦ બેઠકો હારી ગઈ.

સૌથી વધુ આમ આદમી પાર્ટીના પ્રદર્શને આ ચૂંટણીમાં બધાને ચોંકાવી દીધા. આમ આદમી પાર્ટીએ સિરસા, અંબાલા, યમુનાનગર અને જિંદ સહિત જિલ્લાઓમાં જિલ્લા પરિષદની ૧૫ બેઠકો પર કબજો કર્યો. આપઁ જિલ્લા પરિષદની લગભગ ૧૦૦ બઠકો પર ચૂંટણી લડી હતી.

જ્યારે ઈન્ડિયન નેશનલ લોકદળ જિલ્લા પરિષદની ૭૨ બેઠકો પર ચૂંટણી લડ્યું હતું. તેને ૧૪ બેઠક પર જીત મળી છે. કોંગ્રેસે પાર્ટી ચિન્હ પર ચૂંટણી લડી નહતી. રાજકીય પક્ષોએ એવો પણ દાવો કર્યો હતો કે જે ઉમેદવારોનું તેમણે સમર્થન કર્યું હતું તેમાંથી અનેકે જિલ્લા પરિષદની સીટો કબજે કરી છે. અનેક અપક્ષ ઉમેદવારોએ પણ જીત મેળવી છે. જે રાજકીય પક્ષો માટે મોટો ઝટકો છે.

ઈન્ડિયન નેશનલ લોકદળ (ઈનેલો)ના નેતા અને એલનાબાદના વિધાયક અભય ચૌટાલાના પુત્ર કરણ ચૌટાલા સિરસામાં જિલ્લા પરિષદના વોર્ડ નંબર ૬થી ૬૦૦થી વધુ મતોથી જીત્યા. ચૂંટણી પરિણામો બાદ મીડિયા સાથે વાતચીતમાં કરણ ચૌટાલાએ જીત માટે મતદારોનો આભાર માન્યો. શાહબાદથી જેજેપી વિધાયક રામકરણ કલાના પુત્ર કંવરપાલે શાહબાજ જિલ્લા પરિષદના વોર્ડ નંબર એકથી જીત મેળવી છે.

## કોંગ્રેસની યાત્રામાં મોદી-મોદીના નારા : રાહુલે નારેબાજી કરનાર યુવાનોને બોલાવવા કહ્યું તો નાસી ગયા



ઈન્દોર,

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા સોમવારે મોટા ગણપતિ ચોકથી શરૂ થઈ હતી. સાંવર રોડ મોર્ડન ચોકડી પાસે યાત્રા દરમિયાન ૨ યુવાનોએ મોદી-મોદીના નારા લગાવ્યા હતા. રાહુલ ગાંધીએ રોકીને કહ્યું- તેમને બોલાવો. ત્યાં સુધીમાં બંને યુવકો નાસી ગયા હતા.

કોંગ્રેસના નેતાઓના જણાવ્યા અનુસાર મોટા ગણપતિથી નીકળેલી યાત્રા જિનસી ચારરસ્તા થઈને કિલા મેદાન થઈને મરીમાતા ચારરસ્તા પહોંચશે. આ પછી, યાત્રા ધારાસભ્ય સંજય શુક્લાના ઘરની સામે બાણગંગા થઈને લવકુશ ચારરસ્તા જશે. લવકુશ ચારરસ્તાથી અરવિંદો હોસ્પિટલ થઈને ચારરસ્તાથી આગળ, તે ધારાસભ્ય સંજય શુક્લાના ફોર્મ હાઉસ પર લંચ બ્રેક માટે રોકાશે. ભારત જોડો યાત્રા રવિવારે મહૂ-રઈ થઈને ઈન્દોર પહોંચી હતી. આ યાત્રા સોમવારે સાંજે રાત્રિ રોકાણ કરશે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ઈન્દોરના મોટા ગણપતિ ચારરસ્તાથી શરૂ થઈ. યાત્રાએ રસ્તામાં હોટેલ મેરી માર્ઝી ખાતે ટી બ્રેક લીધો હતો. ઈન્દોરની અરવિંદો હોસ્પિટલની સામે ડ્રોનથી ફૂલોની વર્ષા કરીને ભારત જોડો યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

એમપીની આર્થિક રાજધાની ગણાતા ઈન્દોરમાં રાહુલ ગાંધીનું ધ્યાન વેપારીઓ અને તેમને લગતા મુદ્દાઓ પર હતું. તેમણે રાજબાડા ખાતે સભામાં સંબોધન કરતાં ફરી એકવાર નોટબંધી અને જીએસટી મુદ્દે ભાજપ સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે જે કામ ચીનની સેના કરી શકતી નહોતી, તે કામ આ બંને પોલીસીઓએ કર્યું છે.

ઈન્દોરના મહુમાં રાહુલ ગાંધીએ ફરી એકવાર આરએસએસ અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે આરએસએસ અને બીજેપીના લોકો પડદા પાછળથી બંધારણને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કારણ કે સામે આવીને આવું કરવાની તેમની હિંમત નથી. તેઓ ભય, નફરત અને હિંસાનું વાતાવરણ ઊભું કરી રહ્યા છે.રાહુલ ગાંધીએ શાયરના અંદાજમાં કહ્યું કે- પ્રેમ કરનારા કોઈનાથી ડરતા નથી. ડરપોક લોકો ક્યારેય પ્રેમ કરતા નથી...

## ગમે તેટલી સેના તહેનાત કરી લો, પરિણામ નહીં આવે : મહેબૂબા મુફ્તીની કેન્દ્ર સરકારને ચેતવણી

શ્રીનગર,

કાશ્મીરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ કેન્દ્રની ભાજપ સરકારને કડક ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી કાશ્મીરનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં ગમે તેટલી સેના તૈનાત કરે, અહીં કંઈપણ બદલાવવાનું નથી.

મહેબૂબાએ કેન્દ્ર સરકારને ચેતવણી આપતા કહ્યું કે સરકારે હુમલાખોરો જેવું વર્તન ન કરવું જોઈએ કારણ કે કાશ્મીરના લોકો જાણે છે કે તેમને કેવી રીતે ભગાડવાના છે. વધુમાં કહ્યું, 'હું ભાજપને કહેવા માંગુ છું કે જ્યારે હુમલાખોરો પાકિસ્તાનથી આવ્યા હતા, ત્યારે ભારતીય સેના અહીં પહોંચી શકી નહોતી. આમ છતાં લોકોએ હુમલાખોરોને ભગાડ્યા હતા. તેથી હુમલાખોર ન બનો, કાશ્મીરી લોકો જાણે છે કે તેમને કેવી રીતે ભગાડવાના છે'. પાર્ટીના યુથ સંમેલનમાં ભાષણ આપતી વખતે મહેબૂબાએ એમ પણ કહ્યું કે કાશ્મીર બંધારણ દ્વારા ભારત સાથે જોડાયેલું છે, પરંતુ ભાજપે બંધારણને જ ખતમ કરી દીધું છે. ભારત ભાજપનું નથી. અમે કાશ્મીરને ભાજપનું ભારત નહીં બનવા દઈએ.

મહેબૂબા મુફ્તીએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા પછી પણ અહીં પંચાયત ચૂંટણી કરાવવા માટે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમણે કે જો આ ચૂંટણીઓ આટલી સારી છે તો કેન્દ્રની ટોપની લીડરશીપ આ ચૂંટણીઓમાં કેમ ઊભી નથી થતી?

મહેબૂબાએ કહ્યું, 'અમે તમારી સાથે સંવિધાન દ્વારા સંબંધ જોડ્યા હતા, જેણે તમે ખતમ કરી દીધા છે. તમે અમારા સન્માન સાથે રમ્યા. આ કામ નહીં કરે. જો તમે આખી દુનિયાને કહી શકો કે તમે જમ્મુ અને કાશ્મીરની વિધાનસભા અને બંધારણને નાબૂદ કરી દીધું છે, પરંતુ પંચાયતની ચૂંટણીઓ કરાવી છે, તો તમારે કેન્દ્ર સરકારમાં તમારા ઉચ્ચ હોદ્દા પરથી રાજીનામું આપીને પંચાયતની ચૂંટણી જ લડવી જોઈએ.આ સંમેલનમાં હાથમાં યુથ ફોર યુનિટીના બોર્ડ સાથે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના સપનાના ભારતનો ઉલ્લેખ કરતા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે તેઓ એ ભારતની વાત કરે છે જેને રાહુલ ગાંધી શોધી રહ્યા છે.

મહેબૂબાએ કહ્યું, 'કાશ્મીરી લોકો પૂછે છે કે મેં કાશ્મીરને કયા દેશ સાથે જોડ્યું અને શા માટે? હું કહેવા માગુ છું કે જ્યારે હિન્દુ-મુસ્લિમ ધર્મના નામે લડતા હતા ત્યારે કાશ્મીર એકમાત્ર એવી જગ્યા હતી જ્યાં બહુમતી મુસ્લિમ સમુદાયે કાશ્મીરી પંડિતો અને હિન્દુઓ-શીખોના જીવ બચાવ્યા હતા. હું આજના ભારતની વાત નથી કરી રહી, પરંતુ મહાત્મા ગાંધીના પૌત્ર તુષાર ગાંધી અને જવાહરલાલ નેહરુના પૌત્ર રાહુલ ગાંધી જે ભારત શોધી રહ્યા છે તેની વાત કરૂં છું. હું મહાત્મા ગાંધી અને નેહરુએ સાથે મળીને બનાવેલા ભારત વિશે વાત કરું છું.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સંતરામપુર નગરની ગુરૂકૃપા સોસાયટીના બંધ મકાનના તાળા તુટીયા પોલીસ પેટ્રોલીંગ ઉપર સવાલ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરની ગુરૂકૃપા સોસાયટીમાં મકાનના તાળા તૂટ્યા. સંતરામપુર નગરની છેલ્લા ત્રણ મહિનામાં ત્રણ વખત અલગ અલગ સોસાયટીમાં ચોરીના બનાવો વધ્યા. સંતરામપુર નગરની અમરદીપ સોસાયટી સહકાર દીપ સોસાયટી અને આજે ગુરૂકૃપા સોસાયટીમાં બંધ મકાનમાં ચોરો તાળા તોડીને ઘરમાં પ્રવેશ કરીને સાધારણ સામગ્રી તોડફોડ કરી ચોરી કરી ગયા. આ બાબતની મકાન માલિકે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હવે ચોર અલગ રીતે તરકીબ અપનાવીને ચોરી કરતા હોય છે. અમરદીપ સોસાયટીમાં બીજાની બાઈક ચોરી કરીને ચોરી કરવા નીકળી જાય છે. એ જ રીતે ડબગરવાસ વિસ્તારમાં બે બાઈકની ઉઠાનતરી કરીને રાતની સમયે મકાનના તાળા તોડતા હોય છે. ચોરીના બનાવો બનતા સંતરામપુર નગરના સોસાયટી વિસ્તારના અને રહીશોમાં ભયનો માહોલ જોવાઈ રહેલો છે. પોલીસ તંત્ર સામે પેટ્રોલિંગ નથી ન થવાના અનેક સવાલો ઊભા થતા હોય છે. ગુરૂકૃપા સોસાયટીમાં અને અન્ય વિસ્તારોમાં પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે અને સઘન પેટ્રોલિંગ કરવામાં આવે અવારનવાર જે ચોરીના બનાવો બને છે. આવા ગુનેગારોને પોલીસ પકડે તેવી નગરોમાં ચર્ચાનું જોર પકડું છે, પરંતુ વારંવાર ચોરની ઘટના બનતા પોલીસ સામે સંતરામપુર નગરવાસીઓનો રોષ અને ભારે આક્રોશ જોવાઈ રહેલો છે.

## ભારત જોડો યાત્રા’ની એન્ટ્રી પહેલા હાઈકમાન્ડ રાજસ્થાનમાં કોંગ્રેસના નેતાઓને જોડવામાં વ્યસ્ત

જયપુર,

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરવા જયપુર જઈ રહ્યા છે અને ૨૯ નવેમ્બરે પ્રવાસ સમિતિની બેઠક યોજાવાની છે. આ બેઠકમાં સીએમ ગેહલોત અને સચિન પાયલટ પણ હાજર રહેશે. ભારત જોડો યાત્રા ૫ ડિસેમ્બરે રાજસ્થાન પહોંચી રહી છે.

કોંગ્રેસની ‘ભારત જોડો યાત્રા’નું આગમન રાજસ્થાનમાં ૫ ડિસેમ્બરે થશે. કોંગ્રેસના નેતાઓ તૈયારીની સમીક્ષા કરી આખરી ઓપ આપી રહ્યા છે. છેલ્લા થોડા દિવસોથી ચાલી રહેલા વિવાદના કારણે કોંગ્રેસ હાઈકમાન્ડની ચિંતામાં વધારો થયો છે. તાજેતરમાં અશોક ગેહલોત અને સચિન પાયલટ એક જ મીટિંગમાં હાજર હતા છતા પણ તેઓ વચ્ચે કોઈ વાતચીત થઈ ન હતી. આ સ્થિતિને જોતા અટકળો લગાવવામાં આવી રહી છે કે ગેહલોત અને પાયલટ વચ્ચે ખેંચતાણ ચાલુ છે. રાજસ્થાનમાં ભારત જોડો યાત્રાનો પ્રવેશ થાય તે પહેલા કોંગ્રેસ હાઈકમાન્ડ ચાલી રહેલ વિવાદનો અંત લાવવાના પ્રયાસ કરી રહ્યુ છે.

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરવા જયપુર જઈ રહ્યા છે અને ૨૯ નવેમ્બરે પ્રવાસ સમિતિની બેઠક યોજાવાની છે. આ બેઠકમાં સીએમ ગેહલોત અને સચિન પાયલટ પણ હાજર રહેશે. ભારત જોડો યાત્રા ૫ ડિસેમ્બરે રાજસ્થાન પહોંચી રહી છે, તે પહેલા પાર્ટીનો પ્રયાસ છે કે રાજસ્થાનમાં ચાલી રહેલા વિવાદનો અંત આવી જાય.

આ પહેલા અશોક ગેહલોતે ઈશારામાં સચિન પાઈલટને ગદ્દાર કહ્યા હતા અને કહ્યું હતું કે તે (સચિન પાયલોટ) ક્યારેય પણ રાજસ્થાનના મુખ્યમંત્રીએ બની શકશે નહી. અશોક ગેહલોતે કહ્યુ હતું કે જે વ્યક્તિએ બળવો કર્યો હોય અને જેને ગદ્દાર જાહેર કર્યો હોય તેનો બધા ધારાસભ્ય કેવી રીતે સ્વીકાર કરી શકે. તે કેવી રીતે સીએમ બની શકે?

અશોક ગેહલોતના નિવેદન પર સચિન પાયલટે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, મેં અશોક ગેહલોતની વાત સાંભળી. તેમણે ભૂતકાળમાં પણ મારા વિશે ઘણી વાતો કહી છે. આવા ખોટા અને પાયાવિહોણા આક્ષેપો કરવાની જરૂર નથી. આજે જરૂર એ છે કે આપણે પાર્ટીને કેવી રીતે મજબૂત કરીએ.

સચિન પાયલોટે એમ પણ કહ્યું હતું કે અશોક ગેહલોત કોંગ્રેસના વરિષ્ઠ અને અનુભવી નેતા છે. મને ખબર નથી કે તેઓને મારા પર ખોટા અને પાયાવિહોણા આરોપો લગાવવાની સલાહ કોણ આપી રહ્યું છે. પાયલોટે વધુમાં કહ્યું હતું કે, આજે ‘ભારત જોડો યાત્રા’ને સફળ બનાવવાની જરૂર છે. હું જ્યારે પ્રદેશ પાર્ટી અધ્યક્ષ હતો ત્યારે રાજસ્થાનમાં ભાજપની હાર થઈ હતી. આમ છતાં કોંગ્રેસ અધ્યક્ષે ગેહલોતને બીજી તક આપીને મુખ્યમંત્રી બનાવ્યા. આજે આપણે ફરીથી રાજસ્થાનમાં ચૂંટણી કેવી રીતે જીતવી તેની તૈયારી કરવી જોઈએ.

## ભાજપ મારી છબી ખરાબ કરવા કરોડો રૂપિયા ખર્ચી રહી છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીની ‘ભારત જોડો યાત્રા’ ચાલુ છે. આ દરમિયાન રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સોમવારે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપ મારી છબી ખરાબ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચી રહી છે. ભાજપે મારી એક અલગ ઈમેજ બનાવી છે. તે લોકો માને છે કે તે ઈમેજ મારા માટે હાનિકારક છે, પરંતુ તે મારા માટે ફાયદાકારક છે. કારણ કે સત્ય મારી સાથે છે. મારા પર વ્યક્તિગત હુમલો થઈ રહ્યો છે, આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે હું સાચી દિશામાં આગળ વધી રહ્યો છું. રાજસ્થાનમાં ચાલી રહેલા ગેહલોત અને પાયલોટ વચ્ચેના વિવાદ પર રાહુલ ગાંધીએ કહ્યું કે, બંને નેતાઓ કોંગ્રેસ માટે સંપત્તિ છે. રાહુલ ગાંધી ખુલીને કશું બોલ્યા નહોતા અને ટૂંકો જવાબ આપીને હસવા લાગ્યા હતા. તેમણે કહ્યું કે હું તેમાં વધારે પડવા માંગતો નથી. રાહુલે વધુમાં કહ્યું કે હું ગેરંટી આપી શકું છું કે આ વિવાદની ભારત જોડો યાત્રા પર કોઈ અસર નહીં થાય.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું કે ભારત જોડો યાત્રા દેશનો અવાજ બુલંદ કરી રહી છે. દેશમાં બેરોજગારીનું મુખ્ય કારણ સંપત્તિનું કેન્દ્રીકરણ અને ત્રણ-ચાર ઉદ્યોગપતિઓમાં સીમિત થવું એ છે. એકથી દોઢ વર્ષ પછી હું નક્કી કરીશ કે હું અમેઠીથી ચૂંટણી લડું કે નહીં. અત્યારે મારું સંપૂર્ણ ધ્યાન ભારત જોડો યાત્રા પર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે પદયાત્રામાં દરરોજ નવો અનુભવ થાય છે. રાહુલ ગાંધીએ પણ ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે ભાજપ દેશની જનતાનો અવાજ સાંભળી રહી નથી. આ સમયે દેશમાં નફરત અને ભયનું વાતાવરણ છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે તેઓ તેમના તમામ લોકોની વાત સાંભળે છે.

## અમિત શાહે વરદાયિની માતાની માનતા પૂરી કરી



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચાર હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. પીએમ મોદીની સતત સભાઓ થઈ રહી છે. તો અમિત શાહ પણ ધુંઆધાર પ્રચાર કરી રહ્યાં છે. રાજકીય ગરમાવા વચ્ચે એક રસપ્રદ વાતને યાદ કરીએ, જે અમિત શાહ સાથે જોડાયેલી છે. અમિત શાહ દેશના ગૃહમંત્રી છે. દેશની સુરક્ષીની સાથે સાથે તેઓ બીજેપીની નવી રણનીતિઓના મુખ્ય સૂત્રધાર પણ છે. પરંતુ શુ તમે જાણો છો કે, અમિત શાહના જન્મ માટે તેમના માતાપિતાએ માનતા રાખી હતી. તેમના માતાપિતાએ બાધા રાખી હતી. આ માનતા શુ છે અને એક ખાસ જગ્યા સાથે અમિત શાહના પરિવારનો અને માનતા પૂરી કરનારા માતા વિશે શું સંબંધ છે તે જાણીએ.

અમિત શાહના માતાજી અને પિતાજીએ માતા વરદાયિની પાસે માનતા માંગી હતી કે, તેમના ઘરમાં કુલદીપક આવે. સમયસર આ માનતા પૂરી પણ થઈ. માતા વરદાયિનીની કૃપાથી અમિત શાહનો જન્મ થયો હતો. આ જ કારણે અમિત શાહ દર નવરાત્રિએ માતાના દર્શન અને પૂજા માટે જાય છે. વરદાયિની માતાનું મંદિર ગાંધીનગરના રૂપાલ જિલ્લામાં છે. જે ગાંધીનગરથી ૧૩ કિલોમીટર અને અમદાવાદથી લગભગ ૪૦ કિમી દૂર આવેલું છે. વરદાયિની માતાનું મંદિર ગામની મધ્યે આવેલું છે. માન્યતા છે કે, વરદાયિની માતાનું આ મંદિર પાંડવો દ્વારા બનાવવામાં આવ્યુ હતું. આ મંદિર દેવી વરદાયિનીની સમર્પિત છે. રૂપાલનું વરદાયિની માતાનું મંદિર નવરાત્રિ ઉત્સવ દરમિયાન ઘીની નદીઓ માટે પ્રખ્યાત છે. રૂપાલમાં નોમના દિવસે યોજાતી પલ્લી વર્લ્ડ ફેમસ છે. નવરાત્રિના તહેવાર પર દેવી વરદાયિનીના રથને ગામની વચ્ચોવચ કાઢવામાં આવે છે અને મુખ્ય મંદિર સુધી પહોંચાડવામા આવી છે.

## રંગોળી દ્વારા મતદારોને જાગૃત કરવા વિદ્યાર્થીઓએ હાથ ધર્યા પ્રયાસો




તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદારોમાં મતદાન અંગે જાગૃતિ કેળવવા માટે મહિસાગર જિલ્લામાં સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી ભાવીન પંડયાના માર્ગદર્શન હેઠળ સો ટકા મતદાન માટે પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

લોકશાહીને મજબુત બનાવવા દરેક મતદારો પોતાની ફરજ બજાવીને અચુક મતદાન કરે તે માટે જાગૃતી લાવવા શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રયાસો કરી રહ્યા છે. સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત મહીસાગર જિલ્લાની એચ એન શાહ લીમડીયા શાળાઓમાં વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિની થીમ આધારીત રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ રંગોળીઓ દોરીને “vote for india” તેવા સંદેશ પાઠવ્યા હતા.

## આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર ઈન્ટર કોલેજ પેઈન્ટિંગ વર્કશોપ




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુરમાં આજથી તા.૨૮ /૧૧/૨૨ થી ૧/૧૨/૨૨ ચાર દિવસનો ઈન્ટર કોલેજ પેઈન્ટીંગ વર્કશોપ શરૂ થયો. આ વર્કશોપમાં ખ્યાતનામ ચિત્રકાર બિપિન પટેલ (છાંયણ) તેમજ જય ગોહિલ(સુરત) થી પધાર્યા છે. જેઓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. આજે આ શિબિરના ઉદ્દઘાટન સમારોહમાં ચિત્રકાર બિપિન પટેલે જણાવ્યું કે, આજે સરકાર ચિત્રની કોલેજો બંધ કરી રહી છે. સમાજ કલા પ્રત્યે નીરસ છે, ત્યારે સાચા અર્થમાં કલાને લોકો સમક્ષ મુકવી. એ મારો ઉદ્દેશ છે. લોકોને કલા તરફ અભિમુખ કરવા, માત્ર પૈસો જ સુખ નથી આપતો. બહુ ઓછા લોકો ગમતું જવન જીવતા હોય છે. આ પ્રસંગે સુરત થી પધારેલા જય ગોહિલે જણાવ્યું કે, કલાને માણવા માટેનો માહોલ અહીં છે. વિદ્યાર્થીઓ પોતાની કલ્પનાને કાગળ પર કંડારે, કલાને માણે, કલાનો અહીં ખજાનો છે. આ શિબિરમાં વિદ્યાર્થીઓને અલગ અલગ થીમ પર ચિત્ર દોરવાની તાલીમ આપવામાં આવછે. તેમાંથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પસંદ કરી આગળ મોકલવામાં આવશે. આજના ઉદ્દઘાટન કાર્યક્રમમાં પ્રો.મુકેશભાઈ ભટ્ટ સંચાલન કર્યું. પ્રો.દીપ્તિ મેડમે આભાર વિધિ કરી હતી.

## મહિસાગર જિલ્લામાં તા.૦૫-૧૨-૨૦૨૨ સોમવારના દિવસે જાહેર રજા તરીકે જાહેર

મહિસાગર,

ગુજરાત રાજયની સામાન્ય વિધાનસભા ચુંટણી સંદર્ભે તા.૦૫-૧૨-૨૦૨૨,સોમવારના રોજ બીજા ચરણમાં સમાવિષ્ટ જિલ્લાઓ પૈકી મહિસાગર જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચુંટણી યોજાનાર હોઈ તા.૦૫-૧૨-૨૦૨૨, સોમવારના દિવસે જાહેર રજા તરીકે જાહેર કરેલ છે.

ઉલ્લેખનીય છે કે,આવનાર તા.૦૫-૧૨-૨૦૨૨ ના રોજ જિલ્લામાં મતદાન હોવાથી સરકારી,અર્ધસરકારી કે અન્ય કચેરીઓમાં ફરજ બજાવનાર અધિકારી,કર્મચારી કે અન્ય સ્ટાફને પોતાનો વોટ આપવામાં અગવડતા ન પડે અને સરકાર બનાવવામાં પોતાની ભાગીદારી અવસ્ય પણે નોધાવી શકે તે માટે સામાન્ય વહિવટ વિભાગ ગાંધીનગર તરફથી આ જાહેરનામું બહાર પાડેલ છે.

## ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓના તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું

મહિસાગર,

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨નો ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ એટલે કે તા.૦૩-૧૨-૨૦૨૨ના સાંજના ૦૫.૦૦ કલાકથી જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓ/રાજકીય પદાદિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓ ચૂંટણી પ્રચારના અંત આવતા જે તે મતવિભાગમાં રહી શકશે નહીં અને તાત્કાલિક જે તે મતવિભાગ છોડવાનો રહેશે.

અલબત્ત, જે તે સંસદીય/ વિધાનસભા મત વિભાગમાંથી ચૂંટાયેલા સંસદ સભ્ય/વિધાનસભા ના સભ્યને તેઓ જે તે મતવિભાગના મતદાર હોય કે ન હોય તો પણ તેઓ મતવિભાગમાં રહી શકશે પરંતુ તેઓ ઉપર મુજબ ચુંટણી પ્રચારનો અંત આવ્યા પછી જે તે મત વિભાગમાં પ્રચાર કરી શકશે નહી. વધુમાં ઉક્ત ૪૮ કલાક દરમ્યાન સંસદ સભ્ય/ધારાસભ્ય જે સંસદીય વિધાનસભા મતવિભાગમાંથી ચુંટાયેલા હોય તે મત વિભાગમાં જ રોકાશે તથા અન્ય મત વિભાગની મુલાકાત લેશે નહીં.

માંદગીના કારણોસર તબીબી સારવાર અર્થે, મતદાર વિભાગમાં હાજર રહેનાર કોઈ ઈસમોને જરૂરી આધાર પુરાવા હોય તો ઉક્ત ઈસમોને પ્રતિબંધ લાગુ પડશે નહી. કોઈ વ્યક્તિના મૃત્યુના પ્રસંગોમાં હાજરી આપનાર ઈસમોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.પરંતુ તેવા ઈસમો તેમની ઉપસ્થિતિ દરમ્યાન ચૂંટણીને લગતા કોઈપણ પ્રચાર કાર્યમાં ભાગ લઈ શકશે નહીં.

## જબરજસ્તી ધર્માંતરણની વિરૃદ્ધ કાયદો બનાવવા ટૂંક સમયમાં નક્કર પગલાં ભરાશે : કેન્દ્રનું એલાન

નવીદિલ્હી,

દેશમાં જબરજસ્તી ધર્માંતરણની ઘટનાઓ વધી રહી છે અને હવે પાણી માથા પરથી નીકળી ચૂક્યું છે એટલી હદે છોકરીઓ તેનો ભોગ બની રહી છે અને આ મુદ્દે સુપ્રીમ કોર્ટે ખૂબ ચિંતિત છે અને સરકારને ધર્માંતરણ વિરૃદ્ધ કાયદો બનાવવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને જણાવ્યું છે ટૂંક સમયમાં આ બાબતે નક્કર પગલાં ભરાશે. સરકારે કહ્યું કે હાલમાં નવ રાજ્યો, ઓડિશા, મધ્યપ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તરાખંડ, યુપી, કર્ણાટક અને હરિયાણામાં ધર્માંતરણ વિરૃદ્ધ કાયદો અમલમાં છે. સરકારે કહ્યું કે મહિલાઓ અને આર્થિક-સામાજિક પછાત વર્ગો સહિતના સમાજના બીજા વર્ગોના હકોના રક્ષણ માટે ધર્માંતરણ વિરોધી કાયદો જરુરી છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ આનંદદાયક રહેશે. સુંદરતામાં વધારો કરશે. નજીકના મિત્રની સલાહ અને સહકારથી તમે તમારા ખરાબ કામને યોગ્ય રીતે કરી શકો છો.

વૃષભ : તમે આજનો દિવસ કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં વિતાવશો. તમારો ભૌતિક દ્રષ્ટિકોણ આજે બદલાઈ શકે છે. કામ કાળજીપૂર્વક કરવાનો પ્રયાસ કરો, જે તમારા આત્મસન્માનમાં વધારો કરશે.

મિથુન : આજે કાર્ય સુધારવા માટે આજનો દિવસ વિશેષ યોગદાન આપવાનો દિવસ છે. નિષ્ણાતની સલાહ પછીથી તમારા માટે ઉપયોગી સાબિત થશે. પારિવારિક જીવનની વાત કરીએ તો તમારા આનંદના દિવસો આવવાના છે.

કર્ક : રાજ્ય માન-પ્રતિષ્ઠા અને સારા પ્રકારની સંપત્તિ આપનાર છે. આજે ચંદ્ર પણ સુખ અને શાંતિના બીજા ઘરમાં છે. વેપારના ક્ષેત્રમાં તમને નવા સાથીઓ મળશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે. મિત્રો સાથે મુસાફરી કરવાની પણ તકો મળશે.

કન્યા : આજનો દિવસ દોડધામ અને વિશેષ ચિંતામાં પસાર થઈ શકે છે. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યને લઈને ચિંતિત થઈ શકો છો. મહેમાનો પણ કેટલાક લાંબા સ્ટોપ બનાવવા વિચારી રહ્યા છે. તેનાથી બિલકુલ પરેશાન ના થાઓ.

તુલા : તમારી પ્રાથમિકતા વ્યવસાય પર ધ્યાન આપવાની હોવી જોઈએ. આજ બપોર સુધીમાં તમારે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે લપેટવો જોઈએ.

વૃશ્ચિક : આજે કેટલાંક ખર્ચ પણ શક્ય છે. સંતાન તરફથી આનંદના સમાચાર મળશે અને પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. લાંબા સમયથી અટકેલા કેટલાક કામ કરવાનો પ્રયાસ કરો. આજનો દિવસ સારો છે, તમારા કામ થઈ શકે છે.

ધન : દુશ્મનની ચિંતાનું દમન, દરેક જગ્યાએ વિજય સફળતા મેળવવામાં આનંદદાયક ફેરફારો થશે. આજે તમે પરિવારના કોઈ સભ્યની મદદથી પૈસા કમાઈ શકો છો.પરિવારના સભ્યો સાથે આજનો દિવસ સારી રીતે પસાર થશે.

મકર : ઘરમાં ભાગ્ય વધારવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યો છે. કાર્યસ્થળમાં તમારા માટે સારો વળાંક સાબિત થશે. તમે વ્યવસાયમાં નજીકના સહયોગી પ્રત્યે સાચી ઈમાનદારી અને મધુર વાણી રાખીને લોકોના દિલ જીતી શકો છો.

કુંભ : આજે ઘણા પ્રકારના લોકો તમારી પાસે આશ્રય માટે આવશે. સમજી વિચારીને કામ કરીને દરેકને માન આપો. આ લોકો પાછળથી ઉપયોગી થશે. નોકરી કે કામ-ધંધાના ક્ષેત્રમાં મૌન રહેવું આજે ફાયદાકારક રહેશે.

મીન : ઈચ્છા સિદ્ધિનું પરિબળ છે. સ્થાનિક સ્તરે માંગલિક કાર્યોનું પણ આયોજન કરી શકાય છે. ધાર્મિક કાર્યમાં રસ અને નજીકની મુસાફરી શક્ય છે. જો તમે રાતનો થોડો સમય પરિવાર સાથે વિતાવશો તો સારું રહેશે.

## આ માત્ર ગુજરાતની ચૂંટણી નથી પરંતુ ૨૦૨૪માં યોજાનાર લોકસભા ચૂંટણીની સેમીફાઈનલ છે : હિમંતા બિસ્વા સરમા



અમદાવાદ,

ગુજરાતમાં યોજાનારા પ્રથમ તબક્કાના મતદાનમાં હવે માત્ર બે દિવસ બાકી છે. ૧ ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં ૮૯ સીટો પર મતદાન થશે. તમામ રાજકીય પાર્ટીઓ મતદારોને રિઝવવા માટે સતત ચૂંટણી પ્રચાર કરી રહી છે. ભાજપના અનેક દિગ્ગજ નેતાઓ ગુજરાતમાં પ્રચાર કરી રહ્યાં છે. આજે આસામના મુખ્યમંત્રી હિંમતા બિસ્વા સરમાએ પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે કહ્યું કે નરેન્દ્રભાઈ મોદી આગામી સમયમાં ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે શપથવીધી કરવાના છે. મહારાષ્ટ્ર રાજ્યમાં એન.સી.પી. ની સરકાર સમયે શ્રધ્ધા મર્ડર કેસ અંગે દાખલ કરેલ રજૂઆતને ધ્યાને લેવામાં આવી નહતી.

કોંગ્રેસ હંમેશાથી તુષ્ટીકરણની રાજનીતિ કરતી આવી છે અને તુષ્ટીકરણની રાજનીતિ કરવી તે તેમની આદત છે અને આવી રાજનીતિના કારણે જ શ્રધ્ધા મર્ડર કેસ જેવી ઘટનાઓ બનતી હોય છે. દેશમાં કોંગ્રેસે જે ઈકો સીસ્ટમ આપી હતી તેમાં લવ જેહાદ જેવી ઘટનાઓ સરળતાથી કરી શકતા હતાં અને એટલા માટે જ દેશમાં લવ જેહાદ વિરૂધ્ધ કાનૂન લાગુ કરવાની જરૂરીયાત છે અને આ કાનૂન જો કોઈ લાવી શકે તેમ હોય તો તે માત્ર ભાજપ સરકાર જ લાવી શકે છે. લવ જેહાદ કાનૂન સાથે યુનિફોર્મ સિવીલ કોડ લાગુ કરવાની જરૂરીયાત છે. કોંગ્રેસના શાસનમાં જવાહરલાલ નહેરૂએ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થવા દીધુ ન હતું.

ગુજરાત રાજ્યએ યુનિફોર્મ સિવિલ કોડ તરફી જે પહેલ કરી છે તે સરાહનીય છે. ૨૦૧૪થી ભારતે જે જોયું છે તે ભારત ને ખોખલું કરવાની જે તાકાત કામ કરી હતી તેને ખતમ કરવાનું કામ જો કોઈએ કર્યું હોય તો તે નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાંથી આતંકવાદને ખત્મ કરવાનું કામ કર્યું છે જ્યારે કોંગ્રેસ હંમેશા આતંકવાદને પોષતી હતી. આજે દેશની સામે કોઈ પણ આતંકવાદી પ્રવૃત્તિ કરનાર આંખ ઉંચી કરવાની હિંમત કરી શકતું નથી.

હિમંતા બિશ્વા સરમાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહની આગેવાની હેઠળ દેશની આન, બાન અને શાન એવા કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની એક ઝાટકે કોઈપણ જાતની જાનહાની થયા વગર કાઢી નાંખી છે. ગુજરાતના સંકલ્પ પત્રમાં એન્ટી રેડીકેલાઈઝનેશ દૂર કરવાની વાત કરી છે. આવી એન્ટી રેડીકેલાઈઝન વિરૂધ્ધ કામ કરવાની હિંમત દર્શાવવી એ સાચા અર્થમાં સરાનીય છે જેનાથી તુષ્ટીકરણની રાજનીતિ અને આતંકવાદ સમક્ષ લડવા માટે બળ મળશે. ગુજરાત એ દેશના નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાના કારણે આજે વિશ્વના ૨૦ દેશોનું નેતૃત્વ ભારતને કરવાની તક મળી છે અને ગુજરાતમાં પહેલીવાર ઓલમ્પીક રમાવવા જઈ રહી છે.

ગુજરાત રાજયના સંકલ્પ પત્રમાં ગરીબો માટે પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ હેઠળ સારવાનો ખર્ચ રૂ. ૫ લાખ થી વધારી રૂ. ૧૦ લાખની જોગવાઈ કરવાની જે પહેલ કરી છે તેને અનુસરી દેશના અન્ય રાજ્યો પણ લાગુ કરવાની હિંમત દાખવશે.

આજે ગુજરાતના સપૂત સમગ્ર દેશમાં એકતાનો ભાવ જનતા જનાર્દનમાં જાગે, જનતા જનાર્દનની સુખાકારી વિષે વિચારનાર પ્રધાનમંત્રી ભારત દેશને ગુજરાતે આપવા બદલ આભાર માન્યો હતો. ગુજરાતમાં યોજાઈ રહેલ ગુજરાતમાં યોજાઈ રહેલ આ ચૂંટણી માત્ર ગુજરાતની ચૂંટણી નથી પરંતુ વર્ષ ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીનું સેમીફાઈનલ છે ત્યારે ગુજરાતમાં ૧૫૦થી વધુ કમળો અને ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ૪૦૦થી વધુ કમળો ગુજરાત વિધાનસભા અને દેશની લોકસભામાં જવાના છે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

## ફતેપુરા વિધાનસભાના ઉમેદવાર રમેશભાઈ કટારાનો ઝંઝાવાતી ચુંટણી પ્રચાર




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

- દરેક ગામ માંથી મતદારો, વડીલો અને મહિલાઓ દ્વારા વિજયના આર્શીવાદ.
- ચુંટણી સભામાં સ્વયંભૂ લોકો ઉમટી પડી વિકાસને વેગવંતા બનાવવાની નેમ સાથે સમર્થન.

ફતેપુરા,

૧૨૯-ફતેપુરા વિધાનસભા બેઠક ઉપર ભાજપના શિક્ષિત અને યુવા ઉમેદવાર રમેશભાઈ કટારા તેમના સમર્થકો અને ભાજપના કાર્યકરો સાથે ઝંઝાવાતી ચુંટણી પ્રવાસ આરંભ્યો છે. તેમને ચુંટણીના પ્રચાર પ્રવાસ દરમિયાન મત વિસ્તારના લોકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ.

ફતેપુરા વિધાનસભાના ઉમેદવાર રમેશભાઈ કટારા સહિતની ટીમ દ્વારા ગામે ગામ પ્રવાસ ખેડતો હતો. ચુંટણી પ્રવાસ દરમિયાન ઠેર ઠેર મતદારો સહિત ગામના આગેવાનો, મહિલાઓ દ્વારા આદર સત્કાર સાથે વિજય બનાવના આર્શીવાદ પાઠવી રહ્યા છે. ભાજપના ઉમેદવાર રમેશભાઈ કટારાને મતદારો તરફ થી મળતા આવકાર બદલ સૌના આભાર પ્રગટ કરી ૫ ડીસેમ્બર મતદાનના દિવસે બાહોલી સંખ્યામાં મતદાન કરી ભાજપની વિકાસ યાત્રામાં સહભાવી બનાવ ફરી થી ફતેપુરા વિધાનસભા બેઠક ઉપર કમળ જંગી બહુમતી થી વિજય બનાવવા અપીલ કરી હતી. ચુંટણીના પ્રચાર દરમિયાન ભાજપના આગેવાનો કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં સમર્થકો જોડાયા હતા અને તમામ ગામોમાં વિજય થવા આર્શીવાદ પાઠવ્યા હતા.

## દાહોદ જિલ્લામાં મતદાતા જાગૃતિ માટે જિલ્લા ચૂંટણી તંત્રની સાહસિક પહેલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ સાહસિકોની ભૂમિ છે અને જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં વધુમાં વધુ મતદારો જોડાય એ માટે દાહોદ નગરમાં જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવીના માર્ગદર્શનમાં એક સાહસિક પહેલ કરવામાં આવી છે. દાહોદના ઝુબિન કોન્ટ્રાક્ટરે પેરામોટરીંગ કરીને નગરમાં લોકશાહીના મહાપર્વમાં જોડાવા માટેનો સંદેશો લોકો સુધી પહોંચતો કર્યો હતો. તેમણે પેરામોટરીંગ દ્વારા આકાશમાં ૩૦૦ મીટરથી ઉંચે સુધીની ઉડાન ભરી હતી અને મતદાર જાગૃતિ માટેના ચૂંટણી તંત્રના ૫૦૦૦ જેટલા પેમ્ફલેટ્સની દાહોદ નગરમમાં વર્ષા કરી હતી. સામાન્ય નાગરિકો આ પહેલથી મંત્રમુગ્ધ બન્યા હતા અને હર્ષનાદથી તંત્રના પ્રયાસને વધાવી લીધું હતું.

દાહોદ નગરના ઝુબિન કોન્ટ્રાક્ટર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિની પહેલમાં પોતાના સાહસિક પ્રવૃતિ દ્વારા સહભાગી થયા હતા. તેમણે દાહોદનાં રામપુરાના ન્યુ સ્ટોન ક્વોરી ખાતેથી સુરેશ પરમાર સાથે ઉડાન ભરી હતી અને દાહોદ નગરમાં ઠેર ઠેર મતદાર જાગૃતિના પેમ્ફલેટની આકાશમાંથી વર્ષા કરી હતી. તેમની આ સાહસિક પહેલને નગરજનોએ હર્ષનાદથી વધાવી લીધી હતી. ત્યાર બાદ તેઓ રામપુરા ખાતે ઉતરાણ કર્યું હતું.

ઝુબિને જણાવ્યું કે, રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાઇ રહી છે અને લોકશાહીના મહાપર્વમાં દરેક મતદાતા જોડાઇ એ ઇચ્છનીય છે. જિલ્લામાં તંત્ર દ્વારા મતદાતાઓને જાગૃત કરવા માટે સઘન પ્રયાસ થઇ રહ્યો છે. ત્યારે તેમાં સહભાગી થવાની મને સરસ તક મળી છે. વધુમાં વધુ લોકો મતદાનમાં જોડાય એ જ સંદેશો જનજન સુધી પહોંચે એ માટે પેરામોટરીંગ દ્વારા પ્રયાસ કર્યો છે.

## ઝાલોદ તાલુકામાં મતદારોનો મિજાજ પારખવો મુશ્કેલ : દરેક રાજકીય પક્ષના વિજયનો દાવો

ઝાલોદ,

ઝાલોદ તાલુકો કોંગ્રેસ પાર્ટીનો ગઢ ગણાય છે. તેવામાં દરેક રાજકીય પાર્ટી દ્વારા ગામે ગામ જઈ પ્રચાર ગ્રામસભાઓ ગજવી રહી છે અને દરેક રાજકીય પાર્ટી દ્વારા ડોર ટુ ડોર પ્રચાર પૂર જોશમાં ચાલી રહ્યું છે અને દરેક પાર્ટીઓ જીતના દાવા સાથે પ્રચાર કરી રહી છે અને મતદારોને પોતાના બાજુ વોટ આપવા પ્રેરિત કરી રહ્યા છે પણ મતદારો હાલતો પોતાના પત્તા ખોલવા તૈયાર નથી અને વોટિંગ કરી કઈ પાર્ટીને જીતાવસે તે કલ્પવું અઘરૂ છે. મતદારો પુનરાવર્તન કરશે કે પરિવર્તન કરશે એતો મતદાન ગણતરીના દિવસે જ ખબર પડશે. દરેક રાજકીય પાર્ટીઓ કાર્યકર્તાઓનું મોટું જૂથ બનાવી, સંકલન બનાવી, એજન્ડાઓ બનાવી મતદારોને રીઝવી રહી છે પણ મતદારો ચૂપ રહી દરેક પાર્ટીઓના કામ જોઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. ઝાલોદ તાલુકામાં દરેક ઉમેદવારો અલગ અલગ વિસ્તારોમાં જઈ મીટિંગ ગોઠવી વાયદાઓની વહેંચણી કરી રહી છે અને મતદાન કરવા આકર્ષી રહી છે, પણ મતદાતાઓ હાલતો આ ચૂંટણી ઉત્સવ જોવાની, માણવાની તક ઉઠાવી રહ્યો છે તેવું લાગી રહ્યું છે. દર રોજ દરેક પાર્ટી દ્વારા નવા નવા પ્રયોગો કરી મતદારોને વોટિંગ કરવાં અને પોતાની તરફેણમાં વોટ કરવા પ્રેરિત કરી રહી છે અને મતદારોને પોતાની તરફેણમાં વોટ કરવા આકર્ષિત કરી રહી છે. હવે જોવાનું રહ્યું કે મતદારો કઈ પાર્ટીને જીતાવશે...પુનરાવર્તન કરશે કે પરિવર્તન.

ઝાલોદ તાલુકાના મતદારોને લોભામણી લાલચથી રીઝવવા કોઈ પણ પાર્ટી માટે શક્ય નથી. દરેક મતદારો જે તે વિસ્તારોમાં થયેલ કામના આધારેજ ઉમેદવારોને વોટ કરશે એટલે કોઈ પણ ઉમેદવારને જીતવા માટે આ શીટ પર ખૂબ જ મહેનત માંગશે. મતદારો આ વખતે દરેક જાતના મુદ્દાઓ, સુવિધાઓને નજરમાં રાખી ઉમેદવારોને વોટ આપશે, હાલ તો દરેક ઉમેદવારો મોટી મોટી ગ્રામસભા અને રેલી દ્વારા ચૂંટણીમાં વ્યસ્ત જોવાય છે. હવે જોવાનું રહ્યું કે, કયો ઉમેદવાર વિજય થશે.

## મતદાનના દિવસે અને મતદાનના આગળના દિવસે અખબારોમાં પૂર્વ પ્રમાણિત થયા વિનાની રાજકીય જાહેરાત પર પ્રતિબંધ

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભે ભારતીય ચૂંટણી પંચે મતદાનના દિવસે અને મતદાનના આગળના દિવસે પૂર્વે મંજૂરી ન હોય તેવી કોઈપણ રાજકીય જાહેરાત અખબારોમાં પ્રસિદ્ધ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ભારતીય ચૂંટણી પંચના ધ્યાનમાં આવ્યું છે કે, ચૂંટણી પ્રચારના આખરી તબક્કામાં અખબારોમાં ભ્રામક અને અપમાનજનક જાહેરાતો પ્રસિદ્ધ થવાથી ચૂંટણીની પ્રક્રિયા તથા ઉમેદવારો પર નકારાત્મક અસર પડતી હોય છે. ભૂતકાળમાં બનેલી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે ભારતીય ચૂંટણી પંચે નિર્ણય કર્યો છે કે મતદાનના દિવસ તથા તેના એક દિવસ પહેલાંના દિવસે કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા કે વ્યક્તિ પૂર્વ પ્રમાણિત કરાવ્યા વગરની જાહેરાત અખબારોમાં છપાવી શકશે નહિં. આ નિર્ણય અંતર્ગત પ્રથમ તબક્કા માટે તા.૩૦ નવેમ્બર અને તા.૧ ડિસેમ્બરના રોજ તથા બીજા તબક્કા માટે તા.૪ ડિસેમ્બર અને તા.૫ ડિસેમ્બરના રોજ એમ ઉપરોક્ત બે-બે દિવસ દરમિયાન એમ.સી.એમ.સી. (મિડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ) દ્વારા પૂર્વ-પ્રમાણિત(પ્રિ-સર્ટીફિકેશન) કરી ન હોય તેવી કોઈપણ રાજકીય જાહેરખબરો રાજ્યમાં પ્રકાશિત થતાં કોઈપણ અખબારમાં પ્રસિદ્ધ કરી શકાશે નહિં. ભારતીય ચૂંટણી પંચે મતદાનના દિવસે તથા મતદાનના આગળના દિવસે; એમ બે દિવસોમાં કોઈપણ પ્રકારની રાજકીય પક્ષોની જાહેરાત માટે એમ.સી.એમ.સી.ની મંજૂરી ફરજિયાત બનાવી છે. એમ.સી.એમ.સી. પાસેથી પૂર્વ પ્રમાણિત કરીને સર્ટીફિકેટ લેવામાં આવ્યું હોય એવી જ જાહેરાત પ્રસિદ્ધ કરી શકાશે. મતદાનના દિવસે કે તેના એક દિવસ પૂર્વે જે જાહેરાત પ્રસિદ્ધ કરવાની છે. તેની પૂર્વમંજૂરી માટે તે જાહેરાત પ્રકાશિત કરવાના સૂચિત દિવસના બે દિવસ પહેલાં સમક્ષ અરજી કરવાની રહેશે.

### દાહોદ જિલ્લાના ઝાલોદ ની શરમજનક ઘટના સામે આવી

## ઝાલોદના વિધર્મી યુવકે તેની શાળા સમયની મિત્રના ન્યુડ ફોટો વિડિઓ વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આંચર્યુ



ઝાલોદ,

ઝાલોદ નગરના નવાપુરામાં ભાડાના મકાનમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી સ્કૂલના જૂના વિધર્મી મિત્ર સાથે ૪ વર્ષ પહેલાં સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં આવી હતી. જે બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ વિકસ્યો હતો. આ દરમિયાન તેમની વચ્ચે શારીરિક સંબંધો પણ બાંધવાની મનાઈ કરતાં વિધર્મી યુવકે તેને ધમકી આપી હતી કે, જો તું મારી સાથે સંબંધ નહીં રાખે તો તારા ન્યૂડ ફોટા અને વીડિયો તારા પરિવારને આપી દઈશ. જે પછી યુવતીએ એક અઠવાડિયા સુધી સંબંધ રાખ્યો હતો. ત્યારબાદ બાદમાં યુવકથી ત્રાસીને યુવતીએ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરના મીઠા ચોક પાસે રહેતો આદિલ યુસુફભાઈ જાતે કાયરા (ઉ.વ-૨૫) ૪ વર્ષ પહેલાં શાળાની મિત્ર મૈત્રી (નામ બદલ્યું છે) સાથે સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં આવ્યો હતો. જે બાદ તેઓ એકબીજા સાથે કલાકો સુધી ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરતાં હતાં અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. મૈત્રી વડોદરામાં પેરા મેડિકલ એકલી હોય ત્યારે આદિલ મળી આવતો હતો અને બંને વચ્ચે શારીરિક સંબંધ બંધાતા હતા. જોકે, થોડા સમયથી બંને વચ્ચે ખટરાગ ચાલી રહ્યો હતો. ૧૭ નવેમ્બરે પણ આદિલ મૈત્રીના રૂમ પર ગયો હતો અને તેની સાથે સંબંધ બાંધવા પ્રયાસ કરતાં મૈત્રીએ ના પાડી હતી. જેથી આદિલે ધમકી આપી કે, જો તું મારી સાથે સંબંધ નહીં રાખે તો એક વર્ષ પહેલાંના તારા ન્યૂડ ફોટા અને વીડિયો મારી પાસે છે, તે પરિવારને આપી દઈશ. જેથી મૈત્રી ડરી ગઈ હતી અને તેણે સંબંધ બાંધવા માટે સંમતી આપી હતી. જે પછી આદિલે સતત ૭ દિવસ સુધી સંબંધ બાંધ્યો હતો. છેવટે મૈત્રીએ ત્રાસી જઈને આદિલ યુસુફભાઈ જાતે કાયરા વિરૂદ્ધ નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આદિલ યુસુફભાઈ જાતે કાયરાને ઝડપી પાડી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### આરોપીની ઓળખ છુપાવવાનો પ્રયાસ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે. એવામાં આરોપી મુસ્લિમ હોવાને કારણે પોલીસને ભય હતો કે શહેરનું વાતાવરણ ડહોળાઈ શકે છે. જેથી પોલીસે આરોપીની ઓળખ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.

### એક અઠવાડિયા પહેલાં તા.૧૭ મી એ પણ આદિલે બળજબરી કરી હતી

ગત તા. ૧૭ પણ આદિલ ફરીવાર મૈત્રીના રૂમ પર આવ્યો હતો. જોકે, મૈત્રીએ તેને શારીરિક સંબંધ માટે ના પાડતાં આદિલે તેને માર માર્યો હતો અને તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. તેણે ધમકી પણ આપી હતી કે, ફોટા અને વીડિયો વાઈરલ કરી દઈશ.

## લીમખેડા મોડેલ સ્કુલ ખાતે મહિલા પોલીંગ ઓફિસરની તાલીમ યોજાઈ



લીમખેડા,

લીમખેડા મોડેલ સ્કૂલ ખાતે ૧૩૧ લીમખેડા વિધાનસભા ચૂંટણી માટે મહિલા પોલિંગ ઓફિસરની તાલીમ યોજાઈ હતી. જે તાલીમ માં લીમખેડા તથા સિંગવડ તાલુકાના મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરેક તાલીમ વર્ગમાં EVM ડેમોસ્ટ્રેશન સાથે પ્રોજેક્ટર પર વિગતે તાલીમ આપવામાં આવી હતી. મહિલા પોલિંગ ઓફિસરની આ તાલીમમાં ૧૩૧-લીમખેડા ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી રાજ સુથાર એ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

## દાહોદના વેલપુરા નજીક હાઈવે રોડ ફોર વ્હીલ રોડ સાઈડે ઉતરી જતાં ૬ વ્યકિતનો આબાદ બચાવ



દાહોદ,

દાહોદ જિલ્લાના વેલપુરા નજીક હાઈવે ઉપર પૂરપાટ આવતી એક ફોર વહીલ ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા રોડની સાઈટમાં ઉતરી ગઈ હતી. જોકે, આ ફોર વહીલ ગાડીમાં સવાર ૬ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલના ગોધરાના ૬ લોકો મારૂતિ અર્ટિગા ગાડીમાં સવાર થઈ લીમડી મુકામે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે આવ્યા હતા. જ્યાંથી તેઓ સંતરામપુર ખાતે જાનમાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં વેલપુરા ગામે વળાંકમાં પૂરપાટ જતી મારૂતિ અર્ટિગા ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને આ મારૂતિ અર્ટિગા ગાડી રોડની સાઈટમાં ખાડામાં ઉતરી જવા પામી હતી. જયારે ગાડીનો ધડકાભેર અવાજ સાંભળી ભેગા થયેલા આસપાસના લોકોએ ફોર વહીલ ગાડીમાં સવાર ૬ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા અને ટ્રેક્ટર ની મદદથી આ ગાડીને બહાર કાઢવા માટેના પ્રયાસો હાથ ધરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિકોના જણાવ્યા અનુસાર લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલા ગાડીમાં સવાર ઈસમો નશાની હાલતમાં ગાડી ચલાવી રહ્યા હોવાનું સામે આવ્યું છે હાલ આ બનાવ સંદર્ભે કોઈ પણ જાતની પોલીસ કાર્યવાહી કરવામાં આવી નથી, પરંતુ નશાની હાલતમાં ગાડી ચલાવી પોતાના અને બીજાના જીવ જોખમમાં નાખવા કેટલા અંશે યોગ્ય છે.

## ગરબાડાની ભૂતવડ પ્રાથમિક શાળા વજેલાવના આચાર્યને ગ્લોબલ એચીવર્સ એવોર્ડ ૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

સંવિધાન દિવસના પાવન અવસર પર સંવિધાન મહોત્સવ અને ગ્લોબલ એચીવર્સ ડો. બી.આર.આંબેડકર એવોર્ડ ૨૦૨૨નું આયોજન ગોપાલ કિરણ સમાજસેવી સંસ્થા ગ્વાલિયર મધ્યપ્રદેશ દ્વારા તારીખ ૨૭ નવેમ્બર ૨૦૨૨ ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન અટીરા કેમ્પસ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામની ભુતવડ પ્રાથમિક શાળાના આચાર્ય કિરણસિંહ ચાવડાને શ્રેષ્ઠ શિક્ષક ગ્લોબલ એચિવર્સ ડો. બી.આર.આંબેડકર એવોર્ડ ૨૦૨૨ કૈલાશ ચંદ્ર મીણા ડી.એફ.ઓ. જયપુર રાજસ્થાનના વરદ્દ હસ્તે આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ આર.કે.મહેરા સચિવ મદયપ્રદેશ શાસન ભોપાલ, ડો. સુનિલ કુમાર ક્ષેત્રિય નિર્દેશક કેન્દ્રીય હિન્દી સંસ્થાન અમદાવાદ કેન્દ્ર તેમજ ઓ.પી. અહીરવાર ગૃહ મંત્રાલય ભારત FCCC સરકાર નઈ દિલ્હી અને ડો.મોહમ્મદ ઓસામા નેશનલ મોટિ વેટર ઓરિસ્સા હાલ નઈ દિલ્હી તથા સંસ્થાના અદયક્ષ પ્રકાશ સિંઘ નીમરાજેની ઉપસ્થિતિમાં જેમાં રાજસ્થાની પાઘડી, શિલ્ડ, પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ અને દાહોદ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ ભાવસિંહભાઈ ભાભોર તથા વડવા નિશાળ ફળિયાના આચાર્ય ચરણસિંહ કટારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ગરબાડા ના નવા ફળિયા ગ્રાઉન્ડ ખાતે ૨૯ નવેમ્બરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની સભાને લઈ પોલીસ તંત્ર એક્સનમાં ૨૮૦ વધુ પોલીસનો કાફલો તૈનાત



ગરબાડા,

આગામી વિધાનસભાની ચૂંટણીને હવે ને હવે ગણતરીના જ દિવસો બાકી છે. ત્યારે બીજા ચરણનું મતદાન ૫ ડિસેમ્બરના રોજ થવા જઈ રહ્યું છે. ત્યારે તારીખ ૨૯ નવેમ્બરના રોજ ૧૩૩ વિધાનસભા સીટ ઉપર ગૃહ મંત્રી અમિત શાહ વિજય સંકલ્પ સંમેલન સભા ની જાતે પ્રચંડ પ્રચાર કરવા માટે આવી રહ્યા છે. ત્યારે ગૃહ મંત્રી અમિત શાહની સુરક્ષાને લઈને પોલીસ તંત્ર એક્શનમાં જોવા મળી રહ્યું છે અને સભા સ્થળ ઉપર ૨૮૦ થી વધુ પોલીસ કર્મીઓનો કાફલો તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.83

